# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી






જન્મ : 28 ઑગસ્ટ 1896, ચોટીલા નિધન : 9 માર્ચ 1947, બોટાદ

## જીવન-ઝાંખી

બહુમુખી વ્યક્તિત્વ

સાહિત્યકાર લોકસાહિત્યના સંશોધક પત્રકાર

વક્તા સ્વાતંત્ર્ય-સેનાની ગાયક

| | |
|---|---|
| **28 ઑગસ્ટ 1896**<br>શ્રાવણ વદ પાંચમ<br>(નાગ પંચમી) | જન્મ : ચોટીલા (જિલ્લો સુરેન્દ્રનગર)<br>પિતા : કાળીદાસ દેવચંદ મેઘાણી; બ્રિટીશ કાઠિયાવાડ એજન્સી પોલીસમાં ફોજદાર<br>માતા : ધોળીબાઈ |
| 1901-1912 | 1901માં રાજકોટ ખાતે શાળા-શિક્ષણ શરૂ કર્યું. પિતાની બદલીઓ થયા કરે. તેમની સાથે દાઠા, પાળિયાદ, ઝીંઝુવાડા, વઠવાણ કેમ્પ, લાખાપાદર, બગસરા, વગેરે જુદા જુદા સ્થળોએ ફરતાં ફરતાં અભ્યાસ કરીને છેલ્લે 1912માં અમરેલીથી મૅટ્રિક થયા.<br>સાહિત્ય તેમ જ સ્વદેશી ચળવળનાં બીજ આ અરસામાં રોપાયાં. |
| 1913-1917 | કૉલેજ-શિક્ષણ 1913માં આરંભી ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી 1917માં અંગ્રેજી અને સંસ્કૃત વિષયો સાથે B A થયા.<br>વચ્ચે 1915માં એક સત્ર, ખાસ એમના પ્રિય વિષય સંસ્કૃતના અભ્યાસ અર્થે, જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં ગયા. `ધૂમકેતુ' ત્યાં એમના સહાધ્યાયી હતા.<br>ભાવનગરમાં M Aનો અભ્યાસ શરૂ કર્યો. સાથોસાથ ત્યાંની સનાતન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની કામગીરી સંભાળી. |
| 1918-1921 | કલકત્તા ખાતે સ્થાયી થયેલ મોટા ભાઈની બીમારીને કારણે ઓચિંતાનું કલકત્તા જવાનું થયું.<br>જીવણલાલ એન્ડ કંપની નામના ઍલ્યુમિનિયમનાં વાસણો બનાવતા કારખાનામાં જોડાયા.<br>ફરજ બજાવતાં બચે તે અંગત સમય દરમિયાન બંગાળી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિ સાથે પરિચય કેળવતાં જઈ તેનો આસ્વાદ માણવા માંડ્યો. |

| | |
|---|---|
| | 1918માં પ્રથમ ગીત `દીવડો ઝાંખો બળે’ રચ્યું.<br>1919માં કંપનીના માલિક સાથે ઇંગ્લૅન્ડનો પ્રવાસ કર્યો. |
| 1921 | વતન છોડ્યું ત્યારથી જ સતત કાનમાં સંભળાતા રહેલા તેના ‘દુર્નિવાર સાદ’ની વાત મિત્રને આગવી શૈલીએ લખેલા પત્રમાં કરી. પત્રને અંતે સહી કરી તે પણ તેવી જ અસામાન્ય : `લિ. હું આવું છું’.  અને, એ સંકલ્પ મુજબ, કાઠિયાવાડ પાછા ફર્યા. |
| 1922 | મૂળ મુંબઈનાં, પણ રજવાડાના સરકાર-નીમ્યા હાકેમ એવા પોતાના માસા શિવલાલ ગોસળિયા પાસે જેતપુર મુકામે રહેતાં, દમયંતીબેન સાથે લગ્ન.<br>રાણપુરથી પ્રકાશિત અમૃતલાલ શેઠના નવા સપ્તાહિક `સૌરાષ્ટ્ર’ને `મોતીની ઢગલીઓ’ અને `ચોરાનો પોકાર’ લેખ મોકલાવ્યા. તરત તંત્રીમંડળમાં સ્થાન પામ્યા.<br>અઠવાડિયાના સોમથી ગુરુના આરંભના ચાર દિવસ `સૌરાષ્ટ્ર’ના પ્રતિ શુક્રવારે પ્રસિધ્ધ થતા અંકના સંપાદન-કાર્યમાં વ્યસ્ત રહ્યા બાદ શુક્ર-શનિ-રવિના છેલ્લા ત્રણ દિવસો દરમિયાન લોકસાહિત્યના સંશોધન અર્થે પ્રવાસ ખેડવા નીકળી પડતા.<br>લેખન-કાર્યનો આરંભ. એમની સહુપ્રથમ કૃતિ ‘કુરબાનીની કથાઓ’ પ્રકાશિત. |
| 1923-27 | દર વરસે એક-એક કરીને `સૌરાષ્ટ્રની રસધાર’ના પાંચ ભાગ આ અર્ધદાયકા દરમિયાન પ્રગટ થયા. |
| 1929 | લોકસાહિત્યના મૌલિક સંશોધન બદલ 1928નો પહેલવહેલો રણજીતરામ સુવર્ણચંદ્રક અમદાવાદ ખાતે એનાયત થયો. |
| 1930 | સ્વાતંત્ર્ય-સંગ્રામ નિમિત્તે રચાયેલાં દેશભક્તિનાં 15 શૌર્યગીતોનો સંગ્રહ `સિંધુડો’ પ્રકાશિત. બ્રિટીશ સલ્તનત સામે લડવા માટેનો જુસ્સો પ્રજામાં જાગૃત કરતી જાદુઈ તેની અસર જોઈ સરકારે ગભરાઈને તે જપ્ત કર્યો. તેની હસ્તલિખિત કાનૂનભંગ-આવૃત્તિની સેંકડો ‘સાઇક્લોસ્ટાઈલ્ડ’ નકલો જોતજોતામાં લોકોમાં ફરી વળી.<br>રાજદ્રોહના આરોપસર પકડાયા. ધંધુકાની ભરી અદાલતમાં, મૅજિસ્ટ્રેટ ઇસાણીની અનુમતિ મેળવીને, `હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ’ (`છેલ્લી પ્રાર્થના’) ગીત ધીરગંભીર અવાજે ગાયું ત્યારે ઉપસ્થિત મેદની તથા મૅજિસ્ટ્રેટ સમેત સહુની આંખો આંસુભીની થઈ. 2 વર્ષની સાદી કેદની સજા ફરમાવાઈ. સાબરમતી જેલમાં રખાયા.<br>લોકપ્રિય  ગીત `કોઈનો લાડકવાયો’ જેલમાં રચ્યું. |
| 1931 | ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન જઈ રહેલા મહાત્મા ગાંધીને સંબોધતું `છેલ્લો કટોરો’ કાવ્ય લખ્યું અને ઊપડતી સ્ટીમરે તે ગાંધીજીને પહોંચાડ્યું. વાંચીને મહાત્મા-મુખેથી ઉદગાર સરી પડ્યો : ‘મારી હાલની સ્થિતિનું આમાં સચોટ વર્ણન છે.’  ‘રાષ્ટ્રીય શાયર’નું બિરુદ ગાંધીજી પાસેથી પામ્યા. |
| 1932 | `સૌરાષ્ટ્ર’ બંધ પડ્યું. `ફૂલછાબ’ અઠવાડિક શરૂ થયું. |

| | |
|---|---|
| 1933 | પત્ની દમયંતીબેનનું બોટાદ ખાતે આકસ્મિક નિધન.<br>મુંબઈ પ્રસ્થાન.<br>મુંબઈમાં રવીન્દ્રનાથ ટાગોર સાથે મેળાપ. લોકસાહિત્યની પ્રસાદી એમને કંઠેથી સાંભળીને પ્રસન્ન થયેલા કવિવરે શાંતિનિકેતન આવવા નિમંત્રણ આપ્યું. |
| 1934 | `જન્મભૂમિ' દૈનિક મુંબઈથી શરૂ થયું, તેના તંત્રીમંડળમાં જોડાયા. સામાન્ય જનોને પણ સાહિત્યના સાંપ્રત પ્રવાહોમાં રસ લેતાં કરવાના ઉદ્દેશથી `કલમ અને કિતાબ' નામની અઠવાડિક કટાર શરૂ કરી.<br>નેપાળના રાજવૈદનાં મુંબઈ-સ્થિત પુત્રી ચિત્રાદેવી સાથે પુનર્લગ્ન. |
| 1936 | આંતરિક વિખવાદને કારણે 'ફૂલછાબ'નું પ્રકાશન બંધ કરવું પડે એવી સ્થિતિ સર્જાઈ. કર્મચારીઓની રોજીરોટી છીનવાઈ ન જાય તે ખાતર 'જન્મભૂમિ' છોડી, તાબડતોબ મુંબઈથી રાણપુર પહોંચી જઈને `ફૂલછાબ'નું તંત્રીપદ સંભાળી લીધું. જોતજોતામાં પત્રકારત્વ-ક્ષેત્રે નવી ભાત પાડી. |
| 1938 | રાજકોટ ખાતે યોજાયેલ પાંચમા અખિલ હિંદ ચારણ સંમેલનમાં હાજર રહી ચારણોને પણ મંત્રમુગ્ધ કરતું છટાદાર વક્તવ્ય આપ્યું. |
| 1941 | ટાગોરના નિમંત્રણથી શાંતિનિકેતન જઈને આપેલાં લોકસાહિત્ય વિષેનાં એમનાં વ્યાખ્યાનોએ ત્યાં ઉપસ્થિત દેશવિદેશના સેંકડો વિદ્યાર્થીઓ-અધ્યાપકોને મુગ્ધ કર્યા.<br>માનપત્ર અર્પણ થયું, તેનો નમ્રભાવે સ્વીકાર કરતી વેળાના 'આ તો પ્રેમપત્ર છે' એવા હૃદયસ્પર્શી, સ્વયંસ્ફૂર્ત ઉદગાર થકી શ્રોતાઓ સહુનાં દિલ જીતી લીધાં.<br>`ફૂલછાબ'માં `મુખડા ક્યા દેખો દર્પન મેં' કાર્ટૂન છાપવા બદલ સરકારે ફોજદારી કેસ દાખલ કર્યો. આખરે તેમાંથી નિર્દોષ છૂટ્યા. |
| 1943 | લોકસાહિત્ય ઉપરનાં પ્રસિદ્ધ વ્યાખ્યાનો મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં રોજના એક લેખે પાંચ વ્યાખ્યાનો પાંચ દિવસ દરમિયાન આપ્યાં.<br>એ સાંભળવા તેટલા જ મેઘાણીને પ્રત્યક્ષ જોવા ઉત્સુક લોકોનો અભૂતપૂર્વ ધસારો થતાં વ્યાખ્યાન-ખંડ નાનો પડ્યો. બારી-બારણાંના કાચ તૂટ્યા. |
| 1945 | ફૂલછાબ'ના તંત્રીપદેથી મુક્ત થઈ 23 વરસના સળંગ પત્રકાર-જીવનમાંથી અંતે નિવૃત્તિ લીધી |
| 1946 | ગુજરાતી સાહિત્ય પરિષદના રાજકોટ ખાતે મળેલ 16મા અધિવેશનના સાહિત્ય વિભાગના પ્રમુખ વરાયા. એ સ્થાનેથી મનનીય પ્રવચન આપ્યું.<br>ગુજરાતના મૂક સેવક રવિશંકર મહારાજના જીવન અને કાર્યને આલેખતી કૃતિ `માણસાઈના દીવા'ને વરસના શ્રેષ્ઠ પુસ્તક લેખે મહિડા પારિતોષિક પ્રાપ્ત થયું. |
| **9 માર્ચ 1947** | બોટાદ ખાતે હૃદયરોગના હુમલાથી નિધન. |

આલેખન **પિનાકી નાનકભાઈ મેઘાણી**